| અગત્યના સવાલ-જવાબ | | |
|---|---|---|
| ૧. | સ. | PIN ખોવાઈ જાય તો શું કરવું? |
| | જ. | એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ ખાતે આવેલી પ્રવેશ સમિતિની કચેરીએ અસલ પ્રમાણપત્રો તથા ફોટો આઈ-ડી રજૂ કરી આપ નવો PIN મેળવી શકશો. |
| ૨ | સ. | ક્રિમીલેયર સર્ટિફિકેટ કોણ આપી શકે ? કોનું આપેલું સર્ટિફિકેટ માન્ય ગણાય ? |
| | જ. | તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અથવા તેનાથી ઉપરના અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે અથવા જનસેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર માન્ય ગણાય છે. |
| ૩ | સ. | સરકારી કર્મચારી હોય તો TFWS માટે મામલતદારનું સર્ટિફીકેટ જરૂરી છે કે ડિપાર્ટમેન્ટનું ફોર્મ નં. ૧૬ ચાલે ? |
| | જ. | TFWS માટે કુટુંબની આવકનું પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અથવા જનસેવા કેન્દ્રમાંથી આપવામાં આવેલું, ૩૧મી માર્ચ ૨૦૧૦ પછીનું પ્રમાણપત્ર માન્ય ગણાય છે. |
| ૪. | સ. | ગુણસુધારણાના કિસ્સામાં પ્રવેશ સમિતિ કઈ રીતે મેરીટ લીસ્ટમાં સુધારો કરશે ? |
| | જ. | ગુણસુધારણાના કિસ્સામાં પ્રવેશ સમિતિ મેરિટ લીસ્ટમાં નવા મેરીટ નંબર અપૂર્ણાંક સંખ્યામાં આપશે અને યોગ્ય ક્રમ ઉપર ગોઠવશે. |
| ૫. | સ. | રીશફ્લીંગ કેવી રીતે કરવું ? |
| | જ. | રીશફ્લીંગ માટે આપે જો ઓપ્શન આપેલ હશે અને હેલ્પ સેન્ટર ઉપર લેખિતમાં જાણ કરેલ હશે, તો આપને રીશફ્લીંગની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| **૬.** | **સ.** | TFWS નું ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીએ કયા અધિકારીનું પ્રમાણપત્ર લેવાનું રહેશે. |
| | જ. | તાલુકા વિકાસ અધિકારીશ્રીનું અથવા સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ સક્ષમ અધિકારીશ્રીનું. |
| **૧૦.** | **સ.** | મેનેજમેન્ટ ક્વોટાની સીટો કઈ રીતે ભરાય છે? |
| | જ. | સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ કાર્યરીતિ અનુસાર સંસ્થાઓ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપર પ્રવેશ ફાળવે છે. સદર કાર્યરીતિ સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. |
| **૧૧.** | **સ.** | ઓનલાઈન રજિસ્ટ્રેશનની ફી રૂ. ૨૫૦/- કેવી રીતે ભરવાની છે ? વિસ્તૃત માહિતી આપશો. |
| | જ. | આપની નજીકના હેલ્પ સેન્ટર પર રોકડમાં જમા કરાવી માહીતી પુસ્તિકા અને પીન લેવાનો રહેશે. |
| **૧૨.** | **સ.** | TFWS માં આવકની મર્યાદા કેટલી ? |
| | જ. | રૂ. ૨,૫૦,૦૦૦/- |
| **૧૪.** | **સ.** | TFWS માં ટીક કર્યું હોય તો બીજી કોલેજમાં જનરલ કેટેગરીમાં પણ પ્રવેશ મળી શકે ? |
| | જ. | અન્ય કોલેજ આપે પસંદગી યાદીમાં સામેલ કરેલ હોય તો પ્રવેશ મળી શકે. |
| **૧૬.** | **સ.** | વધારેમાં વધારે કેટલી પસંદગી કરી શકાય ? |
| | જ. | ઉપલબ્ધ સર્વે સંસ્થા તેમજ વિદ્યાશાખાની પસંદગી કરી શકો છો. |
| **૧૮.** | **સ.** | સેલ્ફ ફાઈનાન્સ સંસ્થામાં પ્રવેશ મળ્યા બાદ, જે ફી ભરવાની થાય છે તે દર વર્ષે ભરવાની કે માત્ર એક જ વાર ભરવાની ? |
| | જ. | સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ટ્યુશન ફી દર વર્ષે ભરવી પડે. તદ્ઉપરાંત સંસ્થા સ્તરે આપવામાં આવતી સુવિધાઓની અવેજમાં સંસ્થા દ્વારા ફી વસુલાતી હોય છે જે પ્રતિવર્ષ ભરવી પડે. |

| | | |
|---|---|---|
| **૧૯.** | **સ.** | કોલેજમાં પ્રવેશ મળ્યા બાદ વધુમાં વધુ કેટલા દિવસ સુધીમાં રિપોર્ટીંગ કરાવી શકાય ? |
| | જ. | પ્રવેશ કાર્યક્રમ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવશે અને આપેલ રીપોર્ટીંગ તારીખ પહેલાં રીપોર્ટ કરવાનો રહેશે. |
| **૨૦.** | **સ.** | કોઈપણ વ્યક્તિને પાસવર્ડની જાણ થાય તો તે કેવી રીતે બદલવો ? |
| | જ. | Change Password નાં ઓપ્શનમાં જઈ પાસવર્ડ બદલી શકો છો. |
| **૨૧.** | **સ.** | ટ્યુશન ફી વેવર સ્કીમ(TFWS)માં ફી માંથી સંપૂર્ણ મુક્તિ મળે કે અંશતઃ ? જો અંશતઃ તો અંદાજે કેટલા ટકા માફી મળે ? |
| | જ. | ટ્યુશન ફી વેવર સ્કીમ હેઠળ પ્રવેશ મળે તો, જે-તે સંસ્થાની માત્ર ટ્યુશન ફી ભરવામાંથી સંપૂર્ણ અભ્યાસક્રમના સમયગાળા માટે મુક્તિ મળે છે. સંસ્થાસ્તરે ભરવાની થતી અન્ય ફી ભરવી પડે છે. |
| **૨૨.** | **સ.** | TFWS હેઠળ વિદ્યાર્થિનીઓ માટે પણ આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦ છે કે તે લાગુ પડતું નથી ? |
| | જ. | TFWS હેઠળ પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થિનીઓએ કુટુંબની આવક રૂા. ૨,૫૦,૦૦૦/-થી વધુ નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે. |
| **૨૩.** | **સ.** | TFWS માં ફોર્મ ભર્યું હોય અને તેમાં એડમિશન ન મળે તો ફી વાળી જગ્યાઓએ એડમિશન મળશે? |
| | જ. | જો તમે ભરેલ ચોઈસમાં ટ્યુશન ફી સિવાયની ચોઈસ આપેલ હોય તો, મેરીટ પ્રમાણે તે જગ્યા માટે લાયક ગણાશો. |
| **૨૪.** | **સ.** | આવકનો દાખલો ક્યા વર્ષનો લાવવાનો રહેશે ? જનરલ કેટેગરીમાં જાતિના દાખલાની જરૂરિયાત રહેશે કે નહીં ? |
| | જ. | તા. ૧-૪-૨૦૧૦ બાદ આપવામાં આવેલ આવકનો દાખલો લાવવાનો રહેશે. જો ઉમેદવાર પુરુષ હોય અને TFWS સ્કીમનો લાભ લેવાની ઇચ્છા હોય તો પરિવારની આવક રૂા. ૨,૫૦,૦૦૦/- કરતાં વધુ ન હોવા અંગેનો આવકનો દાખલો લાવવો જરૂરી છે. |

| | | |
|---|---|---|
| **૨૫.** | **સ.** | PIN કેવી રીતે મેળવવો ? વિસ્તૃત માહિતી આપશો. |
| | જ. | સમિતિ દ્વારા નક્કી કરાયેલ આપના નજીકના હેલ્પ સેન્ટર પર જઈ, રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાથી આપને PIN ધરાવતું એક પરબીડીયું આપવામાં આવશે. પ્રવેશ કાર્યક્રમના દરેક તબક્કે તેની PIN ની જરૂર પડવાની હોવાથી તે સાચવી રાખવો અત્યંત જરૂરી છે એટલું જ નહીં તેને ગુપ્ત રાખવો પણ જરૂરી છે. કેમ કે તેનાથી તમારા લોગઈનની દરેક વિગતો બદલી શકાય છે. |
| **૨૬.** | **સ.** | મારી ત્રીજી પસંદગીમાં મને પ્રવેશ મળેલ છે. પરંતુ મારે હવે ઓછા મેરીટે, સાતમી પસંદગીમાં પ્રવેશ મેળવવો છે તો શું કરવું ? |
| | જ. | રીશફ્લીંગ રાઉન્ડમાં આપની સાતમી પસંદગીને પ્રથમ સ્થાને મૂકો. જો મેરીટ મુજબ પસંદગી મળી શકે તેમ હશે તો મળશે. |
| **૨૭.** | **સ.** | મોક રાઉન્ડ એટલે શું ? |
| | જ. | મોક રાઉન્ડ એ ખરેખરની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની એક પ્રકારની વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી પ્રેક્ટિસ છે. ઉપરાંત, પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર થઈ ગયા બાદ, મોક રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી કરી દીધા બાદ, પરિણામના અભ્યાસથી તમે તમારા મેરીટ નંબરને આધારે જાણી શકો છો કે તમને ક્યા પ્રવેશ મળી શકે તેમ છે. |
| **૨૮.** | **સ.** | અંગત કારણોસર તા. ૧૨ થી તા. ૨૬ મે દરમ્યાન ઉમેદવારે દેશની બહાર જવાનું હોવાથી, ઓનલાઈન રજિસ્ટ્રેશન તો કરાવી દઈશું પરંતુ તે તારીખો દરમ્યાન શું હેલ્પ સેન્ટર પર ઉમેદવારે હાજર થવું ફરજિયાત છે? |
| | જ. | મેડીકલ ગ્રાઉન્ડ ઉપર સિવિલ સર્જનનું સર્ટિફીકેટ હશે તો અને વાલી પાસે ઉમેદવારનો ઓથોરીટી લેટર હશે તો જ ઉમેદવારને હાજર રહેવામાંથી મુક્તિ મળશે, અન્યથા કોઈપણ સંજોગોમાં ઉમેદવારે હાજર રહેવું પડશે. |
| **૨૯.** | **સ.** | મોક રાઉન્ડમાં પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર મળશે કે કેમ ? |
| | જ. | જી ના. |

| | | |
|---|---|---|
| ૩૧. | સ. | મેનેજમેન્ટ સીટ ઉપર એડમિશન માટેની પ્રક્રિયા કેવી છે તે જણાવશો. |
| | જ. | પ્રવેશ સમિતિની વેબસાઈટ www.cdacgujrat.org ઉપર 'મેનેજમેન્ટ સીટ ઉપર પ્રવેશ અંગેની કાર્યરીતિ' મૂકેલ છે. |
| ૩૨. | સ. | વર્ષ ૨૦૦૯ના કટ ઓફ માર્કસની યાદી કઈ વેબસાઈટ ઉપર જોવા મળશે ? |
| | જ. | પ્રવેશ સમિતિની વેબસાઈટ www.cdacgujrat.org ઉપર. |
| ૩૩. | સ. | રજિસ્ટ્રેશન અને ચોઈસ પ્રક્રિયા પછી માહિતી મેળવવા કે એડમિશન પ્રક્રિયા જોવા માટે પોતાના કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકાય કે કેમ ? |
| | જ. | ઈન્ટરનેટ જોડાણ ધરાવતા કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકાય. |
| ૩૫. | સ. | ચોઈસ ફીલીંગ માટે વધુમાં વધુ કેટલી કોલેજ અને કોર્ષ આપી શકાય? |
| | જ. | અભ્યાસક્રમની પસંદગી અનુસાર ઉપલબ્ધ તમામ કોલેજ તથા કોર્ષની શક્ય તેટલી વધારે પસંદગી આપી શકાય. |
| ૩૭. | સ. | CBSE ના વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર પર જવાનું પરંતુ ચોઈસ ફીલીંગ ક્યાં કરવું ? |
| | જ. | એકવાર રજિસ્ટ્રેશન થઈ ગયા પછી, ઈન્ટનેટની મદદથી કોઈ પણ જગ્યાએથી ચોઈસ ફિલીંગ થઈ શકે. |
| ૩૮. | સ. | એડમિશન કેન્સલ કરવું હોય તો ફી પરત મળશે કે નહીં ? |
| | જ. | નિયત સમયમર્યાદામાં પ્રવેશ રદ કરાવવાથી, નિયમોનુસાર ફી પરત મળી શકે. |
| ૩૯. | સ. | TFWS શું છે ? અનામત કક્ષાના વિદ્યાર્થીઓને લાગુ પડે છે? |
| | જ. | TFWS એ એ.આઈ.સી.ટી.ઈ. નવી દિલ્હી દ્વારા લાગુ કરવામાં આવેલ સ્કીમ છે. જે અંતર્ગત ભાગ લેનારી સંસ્થાઓમાં કુલ માન્ય બેઠકોના વધુમાં વધુ ૧૦% સંખ્યાધિક બેઠકો ૨:૩:૧ના પ્રમાણમાં આર્થિક રીતે પછાત, વિદ્યાર્થીનીઓ અને શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર ધરાવતા વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે છે. અનામત કક્ષાના ઉમેદવારો સદર યોજનામાં ભાગ લે અને આવકનું પ્રમાણપત્ર રજૂ કરે તો, તેઓને પણ મેરીટના આધારે પ્રવેશ મળી શકે. |

| | | |
|---|---|---|
| **૪૦.** | **સ.** | ચોઈસ પ્રમાણે એડમિશન મળ્યા પછી રિપોર્ટીંગ કર્યું નથી, તો બીજા રાઉન્ડમાં ચાન્સ મળે ? |
| | જ. | રિપોર્ટીંગ ન કરવાથી આપનો પ્રવેશ આપોઆપ રદ થાય છે. બીજા રાઉન્ડ (રીશફ્લીંગમાં) ભાગ લેવા માટે આપે લેખિતમાં હેલ્પ સેન્ટર પર અરજી કરવાની રહેશે. |
| **૪૧.** | **સ.** | ઘરે કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટનું કનેશન હોય તો ઘરેથી ફોર્મ ભરી શકાય? |
| | જ. | જી હા. |
| **૪૩.** | **સ.** | જે હેલ્પ સેન્ટર પરથી પીન નંબર લીધેલ હશે ત્યાંથી જ રજિસ્ટ્રેશન સ્લીપ અને એડમિશન સ્લીપ લેવાની રહેશે ? |
| | જ. | આપ ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા કોઈપણ સ્થળેથી રજિસ્ટ્રેશન કરાવી શકો છો અને રજિસ્ટ્રેશન સ્લીપ તથા એડમિશન સ્લીપ મેળવી શકો છો. પરંતુ તેને હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવી જરૂરી છે. |
| **૪૪.** | **સ.** | સ્વનિર્ભર સંસ્થાઓમાં એડમિશન કેન્સલ કર્યા પછી ફી પરત મળશે ? |
| | જ. | રાજ્ય સરકારના ફી પરત અંગેના પ્રવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહે છે. |
| **૪૫.** | **સ.** | જાતિ પ્રમાણપત્ર તા. ૩૧-૩-૨૦૧૦ પહેલા (ધો. ૧૦ના લીવીંગ સર્ટિ. ઉપર) મેળવેલ હોય તો માન્ય ગણાય? |
| | જ. | હા. પરંતુ SEBC ના કિસ્સામાં નોન ક્રિમીલેયરનું સર્ટિ. તા. ૧-૪-૨૦૧૦ બાદનું હોવું જોઈએ. |
| | | |